**(1) Start-Up Village Entrepreneurship Programme (SVEP) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તે સ્ટાર્ટ–અપ ઈન્ડિયા સ્ટેન્ડ–અપ ઈન્ડિયાની પેટા–યોજના છે.
(2) તે ગ્રામ્ય લોકોને એન્ટરપ્રાઈઝ સ્થાપવા માટેની સહાય યોજના છે.
(3) તેનું લાંબા–ગાળાનું લક્ષ્ય છે કે 1 કરોડ ગ્રામ્ય એન્ટરપ્રાઈઝની સ્થાપના માટે સહાય કરવી.
(4) આ યોજના હેઠળ કેરળે સૌથી વધુ એન્ટરપ્રાઈઝની સ્થાપના કરી છે.

(A) માત્ર (1), (2) અને (3)　(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)　(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા વર્ષ 2018-19 તથા 2019-20 માટેના SVEP માટેના ડેટા જાહેર કરવામાં આવ્યાં છે. આ યોજના હેઠળ 64,000 ગ્રામ્ય એન્ટરપ્રાઈઝનું નિર્માણ થયું છે.

⇛ યોજના હેઠળ એન્ટરપ્રાઈઝની સ્થાપના કરવામાં કેરળ પ્રથમ ક્રમે રહયું છે. ત્યારબાદ મધ્યપ્રદેશ અને બિહારનો ક્રમ આવે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ SVEPએ દીનદયાળ અંત્યોદય યોજનાની પેટા–યોજના છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ યોજનાનો હેતુ ગ્રામ્ય લોકોને એનટરપ્રાઈઝ (ઉદ્યોગ) સ્થાપવા માટે મદદ કરવાનો છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તેનું લાંબા–ગાળાનું લક્ષ્ય છે કે 1 કરોડ એન્ટરપ્રાઈઝની સ્થાપના માટે સહાય પ્રદાન કરવી તથા તેના દ્વારા 2 કરોડ પ્રત્યક્ષ રોજગારીનું સર્જન કરવું. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ યોજના હેઠળ આપેલ સમયગાળામાં ઉત્તરાખંડ, મિઝોરમ, મણિપુર અને આસામે એકપણ એન્ટરપ્રાઈઝની સ્થાપના કેરલી નથી.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) ગ્લાયફોસેટ (Glyphosate) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તેનો ઉપયોગ નીંદણના નિયંત્રણમાં ખેડૂતો દ્વારા કરવામાં આવે છે.

(2) કેન્દ્ર સરકાર દ્વારા તેના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.

(3) તેના દ્વારા માનવીના સ્વાસ્થ્ય પર વિપરિત અસર થઈ શકે છે તેમ WHO એ જણાવેલું છે.

(4) ભારતમાં તેનો વધુ પ્રમાણમાં ઉપયોગ કઠોળના પાકમાં કરવામાં આવે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (4)
(C) માત્ર (1) અને (3)
(D) માત્ર (2) અને (3)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી એક નોટીફિકેશન મુજબ **PCO** (પેસ્ટ કંટ્રોલ ઓપરેટર) સિવાયની દરેક જગ્યાએથી ગ્લાયફોસેટ પર પ્રતિબંધ લગાડવામાં આવ્યો છે. (આથી, વિધાન **(2)** ખોટું છે.)

⇛ ખેડૂતો દ્વારા તેનો ઉપયોગ નીંદણના નિયંત્રણ માટે કરવામાં આવે છે. (આથી, વિધાન **(1)** સાચું છે.)

⇛ થોડાં વર્ષો અગાઉ **WHO** દ્વારા તેના ઉપયોગથી માનવ સ્વાસ્થ્યને વિપરિત અસર થાય છે તેમ જણાવવામાં આવ્યું હતું. (આથી, વિધાન **(3)** સાચું છે.)

⇛ આ રસાયણ કેન્સરજન્ય છે કે નહીં તે બાબતે વિવિધ સંસ્થાઓ વચ્ચે મતભેદ છે. પરંતુ તેના વધુ પ્રમાણમાં ઉપયોગથી માણસનું મૃત્યુ થઈ શકે છે તે વાત **WHO** દ્વારા જણાવવામાં આવી હતી.

⇛ ભારતમાં આ રસાયણનો વધુ પડતો ઉપયોગ ચા અને ચોખાના પાકમાં કરવામાં આવે છે. (આથી, વિધાન **(4)** ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (3) ભારતમાં બાળ મૃત્યુદર (IMR) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) ભારતનો સરેરાશ IMR પ્રતિ 1000 એ 32 છે.

(2) ભારતમાં સૌથી વધુ IMR મધ્યપ્રદેશમાં જોવા મળે છે.

(3) જન્મ સમયે લોહીમાં ઓક્સિજનની માત્રા ઓછી હોવાથી બાળ મૃત્યુ થઈ શકે છે.

(4) ભારતમાં રાજ્યો માટે IMRની માહિતી NSSO દ્વારા જાહેર કરવામાં આવે છે.

(A) માત્ર (1), (2) અને (3)　　(B) માત્ર (3) અને (4)

(C) માત્ર (1) અને (3)　　(D) આપેલ તમામ

⇒ **જવાબ :- A**

**સમજૂતી :**

⇒ ઓફિસ ઓફ રજિસ્ટ્રાર જનરલની માહિતી મુજબ મધ્યપ્રદેશના IMRમાં વધારો જોવા મળ્યો છે.

⇒ ઓફિસ ઓફ રજિસ્ટ્રાર જનરલ ગૃહ મંત્રાલયની હેઠળ કાર્ય કરે છે તથા તે 'સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમ' નામની બુલેટીન જાહેર કરે છે જેમાં રાજ્યોના જન્મ દર, મૃત્યુદર અને IMRના એસ્ટીમેટ રજૂ કરવામાં આવે છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇒ ભારતમાં સરેરાશ IMR પ્રતિ 1000 એ 32 છે. ગ્રામ્ય વિસ્તાર માટે આ અંક 36નો છે તથા શહેરી વિસ્તાર માટે IMR 23 છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇒ ભારતમાં સૌથી વધુ IMR મધ્યપ્રદેશ (48)માં જોવા મળે છે. ત્યારબાદ બીજા ક્રમે ઉત્તરપ્રદેશ (43) આવે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇒ IMRના કેટલાંક કારણો : જન્મ સમયે લોહીમાં ઓક્સિજનની ઓછી માત્રા, સારવારમાં વિલંબ, વધતી જતી સમય કરતાં વહેલી ડિલેવરી વગેરે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇒ ભારતે વર્ષ 2025 સુધીમાં IMR 23 કરવાનું લક્ષ્ય રાખેલું છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

(4) વેતન સંહિતા અધિનિયમ 2019 (Code on Wages Act, 2019) નીચેનામાંથી કયા-કયા અધિનિયમોને પોતાની હેઠળ આવરે છે ?

(1) વેતન ચૂકવણી અધિનિયમ, 1936

(2) લઘુત્તમ વેતન અધિનિયમ, 1948

(3) બોનસ ચૂકવણી અધિનિયમ, 1965

(4) સમાન મહેનતાણું અધિનિયમ, 1976

(A) માત્ર (1) અને (2)

(B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (3) અને (4)

(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા વેતન સંહિતા અધિનિયમ, 2019ના અમલીકરણ માટેના નવા ડ્રાફ્ટ નિયમો રજૂ કરવામાં આવ્યા છે.

⇛ આ અધિનિયમ લઘુત્તમ વેતનના નિયમો સાર્વત્રિક બનાવવા ઈચ્છે છે તથા દરેક કર્મચારીને સમયસર વેતન મળી રહે તેવી જોગવાઈઓ કરવામાં આવી છે.

⇛ આ અધિનિયમનો હેતુ જૂના તથા બિનકાર્યક્ષમ થયેલા શ્રમ કાયદાઓને બદલીને તેના સ્થાને નવો વધુ પારદર્શક તથા જવાબદાર કાનૂન લાવવાનો હતો.

⇛ આ અધિનિયમો નીચેના ચાર શ્રમ કાયદાઓને પોતાની હેઠળ આવરી લીધેલાં છે :

- વેતન ચૂકવણી અધિનિયમ, 1936 (The Payment of Wages Act, 1936)
- લઘુત્તમ વેતન અધિનિયમ, 1948 (The Minimum Wages Act, 1948)
- બોનસ ચૂકવણી અધિનિયમ, 1965 (The Payment of Bonus Act, 1965)
- સમાન મહેનતાણું અધિનિયમ, 1976 (The Equal Remuneration Act, 1976)

(આથી, દરેક વિધાન સાચાં છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (5) APSTAR-6D ઉપગ્રહ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ ઉપગ્રહ રશિયાનો છે.

(2) આ ઉપગ્રહના ડિઝાઈનીંગમાં દક્ષિણ કોરીઆની એક સંસ્થા દ્વારા સહાય કરવામાં આવી છે.

(3) આ એક મિલિટરી ઈન્ટેલીજન્સ ઉપગ્રહ છે.

(4) ઉપગ્રહને જીઓસિંક્રોનસ (Geosynchronous) કક્ષામાં પ્રક્ષેપિત કરાવવામાં આવશે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) માત્ર (2) અને (3)

⇒ **જવાબ :- B**

**સમજૂતી :**

⇒ APSTAR-6D એ ચીનનો ઉપગ્રહ કે જેને 9 જુલાઈના રોજ લોંચ કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇒ આ સેટેલાઈટનું નિર્માણ CAST (ચીન એકેડમી ઓફ સ્પેસ ટેક્નોલોજી) દ્વારા કરવામાં આવ્યું છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇒ આ એક કોમર્શીયલ કમ્યુનિકેશન ઉપગ્રહ છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇒ ઉપગ્રહને APT મોબાઈલ કંપની દ્વારા ખરીદવામાં આવ્યો છે. આ ઉપગ્રહ દ્વારા તે સેટેલાઈટ બ્રોડબેન્ડ સેવાઓ આપશે.

⇒ આ ઉપગ્રહ 15 વર્ષ કાર્યશીલ રહેશે.

⇒ ઉપગ્રહને જીઓસિંક્રોનસ કક્ષામાં 134 ડિગ્રીએ પ્રક્ષેપિત કરાવવામાં આવશે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT